સત્યવાન

ભાગ્યનિર્માણના આ દિવસે સાવિત્રીને સર્વ સાંભર્યું. ગહન ઊંડાણોમાં જવાને બદલે મનુષ્યોના નિવાસો તરફ જવાને વળેલો માર્ગ, અપરંપાર એકસ્વરતાએ ભરેલું અરણ્ય, દ્યુતિમંત દ્રષ્ટાના જેવું ઉપર ઊઘડેલું પ્રભાત, વ્યોમવિલીન શિખરોનો ભાવવૈભવ, અંત વગરનાં વનોનો મોટો મર્મરધ્વનિ,—આ સર્વ સાવિત્રીને સાંભર્યું.

અજાણ્યા અરણ્યની એક કિનારે ત્યાં આનંદધામમાં પ્રવેશવાના ઝાંપા જેવું એક સ્થાન દેખાયું. એ હતું નીરવ, પણ ચમત્કારી સૂચનોથી ભરપૂર. ઉપર સૂર્યપ્રકાશ પથરાયો હતો, વનદેવતાઓની આંખો જેવાં ફૂલ ત્યાંથી ડોકિયાં કરતાં હતાં. શાખાઓ કિરણોના કાનમાં ગુસપુસ વાતો કરતી ને સુખને છાયામાં છુપાવી રાખતી હતી. ઉલ્લાસના ઉચ્છ્વાસ સમી સમીરલહરીઓ સોને છાયાં લીલાં ઘાસ ઉપર થઈ પસાર થતી હતી. સંતાઈ રહેલાં વનવિહંગોના પરસ્પર થતા મુગ્ધ મધુર સૂરીલા સાદ આનંદ આપતા હતા. એક ચારુતા ભર્યા ને ચિંતામુક્ત આશ્રયસ્થાનમાં પૃથ્વીમાતા શક્તિનાં ને શાંતિનાં ગાનગુંજન સંભળાવી રહી હતી.

એ એકાંતતાના મહાવિસ્તારમાં મનુષ્યનો વસવાટ છે એવું સૂચવતી એકમાત્ર પગદંડી તીરની માફક વનની ગહનતાને વીંધી અંદર જતી જોવામાં આવી. અને જે એકને માટે એનું હૃદય આટલે દૂર આવ્યું હતું તેનો એને અહીં પ્રથમ ભેટો થયો.

વનની લીલેરી અને સોનેરી શોભાથી સજાયેલી એક મનોહર કિનાર પર એ પરમ પુરુષે દર્શન દીધાં. જ્યોતિના જીવંત શસ્ત્ર સમો એ શોભતો હતો, ભગવાનના ઊભા કરેલા ભાસ્વંત ભાલા જેવો વપુષ્માન એ પ્રભાતની દિવ્યતાને જાણે દોરી રહ્યો હતો. એનું ભાલ હતું ઉદાત્ત અને અવદાત, શાંત સ્વર્ગો જેવું વિશાલ, પ્રકટતી પ્રજ્ઞાના પટ જેવું પ્રભાવી. સ્વતંત્રતાનું શાસક સૌન્દર્ય એનાં અંગોની ભંગિમામાં પ્રકટ થતું હતું; એના નિખાલસ મુખ પર જીવનનો આનંદ ઝળહળ થતો હતો; એની દૃષ્ટિમાં દેવોનાં પરોઢિયાં ઊઘડયાં હતાં; એનું મસ્તક હતું એક પ્રભાસ્પર્શ પામેલા તરુણ ઋષિનું; એનું શરીર હતું પ્રેમીનું ને પ્રભાવશાળી રાજવીનું.

કાનનની કિનારને એની કાંતિ કાંતિમાન બનાવી રહી હતી. વિરોધી વિધિએ એને રાજકાજના નાટકમાંથી છૂટો કરી અહીં આણ્યો હતો અને કુદરતના કુંજોમાં જુગજૂની માને ખોળે મૂકયો હતો. પ્રકૃતિ સાથે એણે આત્માનુસંધાન સાધ્યું હતું. અહીંની સુંદરતાનો ને નિર્જનતાનો એ પાલિત પુત્ર બની ગયો હતો. હવે હતો એ

એકાંત સેવતા જ્ઞાનીઓના સૈકાઓના સંઘરેલા જ્ઞાનનો વારસ, સૂર્યપ્રકાશનો ને અસીમ આકાશનો બંધુ. અટવીઓમાં એ અટતો ને ગહનો સાથે ગાઢ સંબંધમાં રહેતો.

આમ એ પ્રકૃતિના આણલખાયેલા મહાગ્રંથનો વેદવિશારદ બન્યો, કુદરતનાં ગૂઢ શાસ્ત્રો શીખ્યો. વહેણોએ અને વિપિનોએ એને ભવ્યતાઓ ભણાવી. સૂર્યે એને સંબોધ્યો, તારાઓએ તાત્પર્ય આપ્યું, જવાળાઓએ એના જીવનને જગાડ્યું, ડાળે ડાળે ગાન કરતાં પંખીડાંએ એને જાદૂઈ સૂર આપ્યા, ચોપગાં પ્રાણીઓએ એને પ્રૌઢ ઉપદેશો આપ્યા. પુષ્પો ને પાદપોની માફક એ પ્રકૃતિપ્રવણ બન્યો, એમનો સ્વાભાવિક વિકાસ એણે અપનાવી લીધો. મુકત સ્વભાવોમાં હોય છે તે પ્રભુત્વ એનું બની ગયું. એમની માફક એય આનંદે અધિરોહતો ને વિશાળી શાંતિમાં રહેતો. સર્વમાં જે એક આત્મા છે તેની સાથે એની એકતા સધાઈ ગઈ. એના સર્વે આત્માનુભવો પરમાત્મદેવને ચરણે ઠલવાતા. બ્રહ્માંડવ્યાપી મનમાં એનું મન ઉન્મીલન પામ્યું. એનાં કર્મો આદ્ય શકિતના કાર્ય સાથે લયમેળ સાધતાં બની ગયાં. વિચારમાત્ર એણે માના વિચારમાં વિલીન કરી દીધો.

નિર્માણના આ દિને એ રોજને રસ્તે ગયો નહિ. જે એકને માથે આપણા ભાગ્યનો ભાર રહેલો છે તેણે ગૂઢ પ્રેરણાથી એનાં પગલાં પુષ્પિત વનની બારે વાળ્યાં, ને એ ત્યાં આવીને ઊભો. આરંભે તો સાવિત્રીની દૃષ્ટિ ત્યાંના હૃદયહારી દૃશ્યમાં રસતરબોળ બની ગઈ. શાદ્વલના શ્યામ સોના સાથે એણે રમવા માંડ્યું. વાથી લહેરાતાં તૃણો સાથે એ લહેરી, વનવિહંગોના શાખાઓ પર થતા ગાનને ઝીલવા લાગી.

પ્રકૃતિ પ્રત્યે સજાગ બનેલી એ જીવન તરફ હજુ સજાગ બની નહોતી. એ હતી પ્રભુની પ્રભુતાપૂર્ણ શકિત. અનંતમાંથી એ આવીને બંદીવાન બની હતી, મર્ત્ય ધામમાં અમર મલ્લયુદ્ધમાં ઊતરી હતી. સંઘર્ષમાં પડેલા ભાવાવેશની આભા જેવી સાવિત્રીએ હવે ત્યાં સત્યવાનની અવગુંઠિત દેવમૂર્ત્તિને જોઈ, એનામાં મહીમંડલના મનીષીઓનો મુખી દીઠો, તારકોની સુષમાની સર્વોત્તમતા જોઈ, પણ તે કોઈ સામાન્ય છતાં સુંદર સ્વરૂપને જુએ તેમ. કોઈ કોઈ વાર એક દૃષ્ટિ, એક વળાંક વિષમ તોળાઈ રહેલા ભાગ્યનો નિર્ણય કરી દે છે. સાવિત્રી પણ તટસ્થ ભાવે સત્યવાનના શરીર-સૌષ્ઠવની પ્રશંસા કરતી હતી. એનો દેહાત્મા પોતાના પ્રભુની પ્રત્યે હજુ જાગ્યો નહોતો, અને આમ એ આવેલા અવસરને ચૂકી પણ ગઈ હોત, જો દેવે એના સચેત આત્માને સ્પર્શ કરી જગાડયો ન હોત તો.

એની દૃષ્ટિ હવે સત્યવાન ઉપર સ્થિર થઈ, બંદી બની ગઈ ને બધું જ બદલાઈ ગયું. અત્યાર સુધી સાવિત્રી સ્વપ્નમાં જાણે હતી. એનું મન હવે જોવા લાગ્યું. સત્યવાન એ સ્થાનનો જાણે સંરક્ષક દેવતા હોય, નાજુક હવામાં આલિખિત જીવનનો જાણે રાજવી હોય એવું એને લાગ્યું. પણ આ તો એક ક્ષણમાત્રનું દિવાસ્વપ્ન હતું. કેમ કે હવે તો સાવિત્રીનું હૃદય ભાવસભર દૃષ્ટિથી તેને જોવા

લાગ્યું. એને જણાયું કે સત્યવાન નિકટથીય નિકટનો અંતરંગીન હતો. સાવિત્રીનું સારુંયે સત્ત્વ આગ આગ બની ગયું ને એક નવા જગતમાં એનો જન્મ થયો.

રાજકુમારીનાં ઊંડાણોમાં ગૂઢ તુમુલ મચ્યું. એના પ્રાણે એકેએક ઇન્દ્રિય-દ્વારમાંથી ડોકિયું કરવા માંડ્યું. વિચારો ઊમટ્યા, વિશ્વના જન્મ સમયે જાગે છે એવી લાગણીઓએ એના હૃદયમાં ધસારો કર્યો, સોનલ દેવતાઓએ દરોડો પાડયો, એના આત્માએ એના અભિનવ આદિત્ય માટે ફટાફટ બારણાં ઉઘાડી નાખ્યાં. દૈવે દીધેલા સત્યવાનના મુખદર્શને ચમત્કાર કર્યો. સમીપ સરી આવતી બે અનામી આંખોએ સાવિત્રીના દિવસોને પલટાવી દીધા. કોઈ વિહંગ પડોશની ડાળી પરના પોતાના સહચરને સાદ કરે તેમ સાવિત્રીનું હૃદય સાદ કરવા લાગ્યું. ઘોડાઓની પડઘીઓ બંધ પડી, રથચક્રો અટકી પડયાં, સ્તંભિત પવનની પેઠે રથ થંભી ગયો.

ત્યવાને અંતરાત્માનાં દ્વારોમાં થઈ બહાર દૃષ્ટિ કરી, સાવિત્રીનો સ્વર સાંભળ્યો અને એની મોહિની અનુભવી. કેવું અદ્ભુત પરિપૂર્ણ સૌન્દર્યનું સુવદન! સમુદ્ર જેમ ચંદ્રની દિશામાં તેમ એ સાવિત્રીની તરફ વળ્યો. એક મનોહર પુષ્પ જેવા મધુર મુખે એને મંત્રમુગ્ધ બનાવી દીધો. સાવિત્રીના મસ્તક ફરતું એક આભામંડળ સત્યવાને જોયું. જગતમાં આવેલી નવી દિવ્યતા એને દૃષ્ટિગોચર થઈ. દેવી જેવી એ એની આરાધ્ય બની ગઈ. સત્યવાનનું જીવન સાવિત્રીના જીવનમાં પ્રવેશ પામ્યું. આશ્ચર્યનો અનુભવ કરતો એ ઘાસ ઉપર થઈ સાવિત્રીની સમીપ સંચર્યો. દૃષ્ટિએ દૃષ્ટિને આલિંગનમાં લીધી.

સાવિત્રીની સમક્ષ એક ઉદાત્ત અને અવદાત પ્રશાંત મુખમુદ્રા ઉપસ્થિત થઈ. સ્મરણ સ્ફુર્યું કે સામેના સુભવ્ય ભાલે તો એના આખાયે અતીતનો મુકુટ પહેર્યો હતો; એની આંખો એના સનાતન તારકો હતી. એના આખાયે આત્મા ઉપર એ આંખોનો દિવ્ય દાવો હતો. એ હતો એના જીવનનો સહચર, એના આત્માનો સર્વાધિકાર સ્વામી. એ આંખો તો અનેક જન્મોની એની ઓળખીતી હતી, પ્રેમનાં પિંજરો હતી.

સત્યવાનેય સાવિત્રીની મીટમાં પોતાના ભાવિની મીઠડી મીટ જોઈ. એમાં ભરી 'તી આશા, એક સાન્નિધ્ય , એક અબૂઝ અગ્નિ. કલ્પકાળનાં પોતાનાં સ્વપ્ન એમાં મૂર્તિમંત થયાં હતાં. જેને માટે મર્ત્ય ભંગુરતા ઝંખના રાખે છે તે પરમાનંદની રહસ્યમયતા સ્થૂલ સ્વરૂપે સામેની સુંદરતામાં આવીને એની પોતાની બની હતી. સત્યવાનને પ્રતીત થયું કે સામેની સોનેરી સુંદરીના હૃદયમાં એનાં સમસ્ત લક્ષ્યોની ચાવી રહેલી હતી. અમરાત્માનો આનંદ પૃથ્વી ઉપર લાવવા માટે એ આવી હતી. એના દ્વારા સ્વર્ગીય સત્યનો સૌને સમાગમ થવાનો હતો. પાર્થિવ હૃદયોને સનાતન સચ્ચિદાનંદના સૂર્યે ઉદ્ધારીને લઈ જવાની શકિત એના નામના મહામંત્રમાં હતી.

આ બે અલૌકિક આત્માઓમાં પ્રેમ શાશ્વતતામાંથી શકિતને ઉતારી લાવ્યો. આ જગતના જીવનમાં એ પોતાને માટે અમર આધાર ઊભો કરવા માગતો હતો,

વીસરાયેલાં શિખરો ઉપરથી એ કૂદી આવ્યો. અગાધ ઊંડાણોમાંથી એનો ભાવ ઉપર ઊછળ્યો. એનો ઊર્ધ્વનો સીમામુકત સ્વભાવ એવો ને એવો રહ્યો.

આપણે અજાણ્યા જેવા અહીં મળીએ છીએ એવું લાગે છે, છતાં આપણાં જીવન પરદેશીય હોતાં નથી. જીવનના માર્ગો પર જાત્રા કરતો જીવ પોતાને જવાબ વાળતા જીવને પિછાની શકે છે ને અજાણ્યા મુખમાં પૂર્વપરિચિત પ્રભા હોય તો તે પકડી પાડે છે, પ્રેમના સોષ્મ સ્પર્શથી રોમાંચિત થઈ જાય છે.

આપણાં જ્ઞાનોના જ્ઞાનવાનની એક પ્રતિભા ભીતરમાં હોય છે. આપણા વિચારો કરતાં આપણે મહાન છીએ. જીવવું ને પ્રેમ કરવો એ અગોચર અનંતધામની ચીજોનાં ચિહ્ન છે. પ્રેમ છે સનાતન ધામોમાંથી ઊતરી આવેલો મહોજ્જવલ મહિમા. પણ અધમ પ્રકારના પ્રભાવોને યોગે એ અધોગામી બનીને અપરૂપતા પામ્યો છે, અને તેમ છતાંય પ્રેમ એ પ્રેમ છે, એક દેવ છે, ને એનામાં બધું પલટાવી નાખવાની શકિત રહેલી છે.

અત્યારની આપણી અવસ્થામાં પ્રેમ આપણામાં છે કેવળ કળી-સ્વરૂપે. આપણા અંતરાત્માની જાગૃતિની અને એના વેગીલા કાર્યની એ વાટ જુએ છે, યા તો વિચારોની ને વિશ્વની વસ્તુઓની વચ્ચે મંત્રમુગ્ધ નિદ્રામાં જ્યાં ત્યાં ભમ્યા કરે છે. હજુ બાલક એવો એ દેવતા નિજ શુદ્ધ મૂળ સ્વરૂપ શોધવાની રમતો રમ્યા કરે છે. પણ કોઈ એક સંકેત, કોઈ એક સ્વર, દૃષ્ટિ કે સ્પર્શ, કે મુખ ઉપર પ્રકટેલો ભાવ એની ઊંઘ ઉડાડી મૂકે છે. પ્રેમ કવચિત્ બાહ્ય મોહિનીને પકડી રાખે છે, બાહ્ય આભાસોમાં સ્વર્ગીય સત્યનાં દર્શન કરે છે, દેવને બદલે દેવની મૂર્ત્તિની કામના કરે છે, દેહને કંડારી કાઢેલો આત્મા માની લે છે. પ્રેમ દૃષ્ટિ દ્વારા અદૃશ્યરૂપને જુએ છે, પૃથ્વીના વર્ણોમાં પ્રભુતાનો અર્થ ઉકેલે છે. પરંતુ મન પોતે તો માને છે, "આ રહ્યો એ, જેને માટે મારું જીવન કયારનીય વાટ જોતું હતું; આ રહ્યો મારા જીવનનો નાથ."

હૃદય હૃદયને શોધે છે, અંગ ઉત્તર આપતા અંગને. સર્વમાં રહેલી એકરૂપતા માટે સર્વનો પ્રયત્ન હોય છે. પણ પ્રભુથી અત્યંત દૂર રહીને પ્રેમ પોતાના સ્વરૂપનું સત્ય શોધતો હોય છે. જીવન આંધળું છે, ઇન્દ્રિયો છેતરે છે. અધ:પતન આણનારાં બળો પ્રવૃત્ત હોય છે. છતાંય જ્યારે પ્રેમનું દર્શન થાય છે ત્યારે આનંદ ઉલ્લસે છે. પ્રેમામૃતના આસવને ભરવા માટેનો પ્યાલો વિરલ છે, જેમ પ્રભુના જન્મને ધારણ કરે એવું પાત્ર વિરલ હોય છે તેમ. કંઈ હજાર વર્ષોના ગાળામાં અધિકાર મેળવી તૈયાર થયેલો આત્મા પ્રભુના અવતાર માટેનો જીવંત આધાર બની શકે છે.

સત્યવાને ને સાવિત્રીએ જોતાં વાર એકબીજાને ઓળખી લીધાં. આંખને માટે અજાણ્યાં હતાં, જીવન અને મન નવા નવા અભિપ્રાયો માટે બદલાયાં હતાં, છતાં આત્મા માટે તો આત્મા એનો એ જ હતો. અનેક જન્મારાઓના ઝુકાવે એમને આ વખતના શરીરમાં સામસામાં આણ્યાં હતાં. લાંબા વખતથી જેની વાટ જોઇ

હતી તે આનંદથી આશ્ચર્યચકિત થયેલાં પ્રેમીઓ જુદા જુદા માર્ગોથી આવી પરસ્પર મળ્યાં હતાં, શોધ માટેની યાત્રાનો ઇષ્ટ અંત આવ્યો હતો.

દૃષ્ટિના દૈવતથી, રૂપના આઘાતથી આત્માની સૂતેલી સ્મૃતિ જાગી હતી, બે જીવનો વચ્ચેનું ધુમ્મસ વીખરાઈ ગયું હતું. સાવિત્રીના હૃદય ઉપરનો પડદો હઠી ગયો ને સત્યવાનનું હૃદય સાવિત્રીનું ઓળખાણ લેવા વળ્યું. આકાશમાં જેમ તારાથી તારો આકર્ષાય તેમ આકર્ષાયેલાં બન્ને જણાં આશ્ચર્યભાવથી ભરાયાં, એમની મૌન મીટડીઓ હમેશનો ગાઢ સંબંધ ગૂંથવા લાગી.

સનાતન કાળના એક કિરણ જેવી ક્ષણ વીતી. નવીન સમયને અંતર્ગર્ભમાં ધારણ કરવાવાળી ઘડી આરંભાઈ.